સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

અષાઢ વદ - ૦૧ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર


**આજનો સુવિચાર**

જીંદગી ની કડવી પરંતુ સાચી હકીકત એ છે કે, ખુશ દેખાવું એ ખુશ રહેવા કરતા પણ વધારે જરૂરી છે!


વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૪૧ ● તારીખઃ ૩૦.૦૭.૨૦૨૬, ગુરૂવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060


## ‘વંદે માતરમ’નો અનાદર કરનારને થશે ૩ વર્ષ સુધીની જેલ

### રાજ્યસભામાં ઐતિહાસિક બિલ પસારઃ ‘જન ગણ મન’ જેટલું જ મળ્યું વૈધાનિક રક્ષણઃ રાષ્ટ્રીય સન્માન અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬ સંસદમાં મંજૂર



**સમય સંદેશઃ નવીદિલ્હી**

દેશના સાંસ્કૃતિક વારસા અને સ્વતંત્રતા સંગ્રામના પ્રતીક સમા રાષ્ટ્રીય ગીત ’વંદે માતરમ’ને પૂર્ણ સન્માન આપવાની દિશામાં કેન્દ્ર સરકારે ઐતિહાસિક પગલું ભર્યું છે. રાજ્યસભાએ બુધવારે ’રાષ્ટ્રીય સન્માનના અપમાન નિવારણ (સુધારા) બિલ, ૨૦૨૬’ ને મંજૂરી આપી દીધી છે. આ સુધારા બિલ દ્વારા ૧૯૭૧ના મૂળ કાયદામાં સુધારો કરીને રાષ્ટ્રગીત ’જન ગણ મન’ ની જેમ જ ’વંદે માતરમ’ ના ઈરાદાપૂર્વકના અપમાન કે અનાદર બદલ પણ ૩ વર્ષ સુધીની કેદ, દંડ અથવા બંને સજાની કડક જોગવાઈ કરવામાં આવી છે. બિલ પરની ચર્ચાનો જવાબ આપતાં ગૃહ રાજ્યમંત્રી નિત્યાનંદ રાયે જણાવ્યું હતું કે, આ સુધારો માત્ર એક સામાન્ય કાયદાકીય પ્રક્રિયા નથી, પરંતુ ભારતની આત્મા, રાષ્ટ્રીય ચેતના અને સ્વતંત્રતા સેનાનીઓના બલિદાન પ્રત્યે દેશની સામૂહિક નિષ્ઠાને પ્રતિબિંબિત કરે છે. તેમણે

**અનુ પાના નં.૨ પર**

## સ્ટુડન્ટ - ઈડિયટ - અંધભક્ત... રાહુલનાં નિવેદનથી હંગામો

### પેપર લીક વિરોધી બિલ પરની ચર્ચા દરમ્યાન રાહુલ ગાંધીએ સરકાર ઉપર તીખા તમતમતા આરોપો વરસાવ્યા

**સમય સંદેશઃ નવીદિલ્હી**

લોકસભામાં વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન પર રાહુલ ગાંધીએ કરેલા ભાષણ દરમિયાન મૂર્ખ અને અંધ ભક્ત શબ્દોનો ઉપયોગ શાસક પક્ષ તરફથી ભારે હોબાળો મચાવ્યો. ગાંધીએ સ્પષ્ટતા કરી કે આ ટિપ્પણી કોઈ ચોક્કસ વ્યક્તિ પર નિર્દેશિત નથી પરંતુ યુવાનોના અવાજો સાંભળવાનો ઇનકાર કરનારાઓ પર છે, જેનાથી સંસદીય શિષ્ટાચાર પર ચર્ચા શરૂ થઈ છે. આ ઘટના યુવા અસંતોષ માટે રાજકીય પક્ષો કયા વિવિધ અભિગમો અપનાવે છે તે દર્શાવે છે.સંસદના ચોમાસુ સત્ર દરમિયાન, લોકસભામાં પેપર લીક વિરોધી બિલ પર ચર્ચા દરમિયાન ગરમાગરમ ચર્ચા અને હોબાળો જોવા મળ્યો. વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ ચાલુ પેપર લીક અને નેશનલ ટેસ્ટિંગ એજન્સીમાં થતી અનિયમિતતાઓને લઈને કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા.

રાહુલ ગાંધીએ ગૃહમંત્રી અમિત શાહ પર ગંભીર આરોપ લગાવતા કહ્યું કે ગૃહ મંત્રાલયે સુરક્ષા દળોને વિદ્યાર્થીઓ પર પેલેટ ગન ચલાવવાનો આદેશ આપ્યો હતો. તેમના નિવેદનથી લોકસભામાં ભારે ચર્ચા શરૂ થઈ, જેનો શાસક પક્ષના મંત્રીઓએ ભારે વિરોધ કર્યો.

કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ આ આરોપોને સંપૂર્ણપણે ફગાવી દીધા અને રાહુલ ગાંધીને સરકારી આદેશની નકલ બતાવવા અને રાષ્ટ્ર સમક્ષ માફી માંગવાની માંગ કરી. તેમણે કહ્યું, તમે વિચાર્યા વગર બોલી રહ્યા છો. આવું ન બોલો. તમારે ગંભીરતાથી બોલવું જોઈએ. આ યોગ્ય નથી. તમે આ નિવેદન કયા આધારે આપ્યું? તમને કોણે જાણ કરી? તમારે માફી માંગવી જોઈએ. ગોળીબાર એ નાની વાત નથી. તમે કેવી રીતે કહી શકો કે કોઈએ ગોળી ચલાવી છે? આ એક ગંભીર

**અનુ પાના નં.૨ પર**

## લાલપુરના સણોસરીમાંથી રૂ. ૧ કરોડથી વધુનો વિદેશી દારૂનો જથ્થો ઝડપાયો

### ૩ આરોપી પકડાયા અને ૧૦ ફરારઃ સ્ટેટ મોનિટરિંગ સેલની બાતમીના આધારે લાલપુરના સણોસરી ગામની સીમમાં સરપ્રાઈઝ રેડ







**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત રાજ્યના સ્ટેટ મોનિટરિંગ સેલની ટીમે જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના સણોસરી ગામની સીમમાં આવેલી વાડી પર દરોડો પાડીને દારૂના મોટા નેટવર્કનો પર્દાફાશ કર્યો છે. ૨૮ જુલાઈની રાત્રિથી ૨૯ જુલાઈના પરોઢિયા દરમિયાન વાડીમાં ટેન્કર મારફતે વિદેશી દારૂનો જથ્થો ખાલી કરવામાં આવી રહ્યો હતો, તે જ સમયે જાખઈએ દરોડો પાડ્યો હતો. આ કામગીરી દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂ. ૧,૦૦,૮૫,૫૩૦નો વિશાળ મુદ્દામાલ કબજે કરી ત્રણ આરોપીઓની ધડપકડ કરી છે, જ્યારે મુખ્ય સૂત્રધાર સહિત અન્ય ૧૦ આરોપીઓને ફરાર જાહેર કરાયા છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યા મુજબ, સણોસરીના ગોવિંદ ભાયા ડાંગરે રાજસ્થાનના જીતેન્દ્રસિંહ અને પવનસિંહ મારફતે પંજાબના પટિયાલાથી ભારતીય બનાવટનો વિદેશી દારૂ મંગાવ્યો હતો. આ દારૂ ટેન્કર ટ્રકમાં ભરીને સણોસરીની વાડીમાં ઉતારવામાં આવી રહ્યો હતો. પોલીસે ઘટનાસ્થળેથી વાડી માલિક નગાભાઈ ભીમશીભાઈ ડાંગર (ઉં.વ. ૭૦), હેમત નગાભાઈ ડાંગર (ઉં.વ. ૩૦) અને સુરજપ્રકાશ સુમેરસિંહ જાટ (ઉં.વ. ૩૨, મૂળ રાજસ્થાન)ની ધરપકડ કરી લીધી છે.

દરોડા દરમિયાન પોલીસે સ્થળ પરથી રૂ. ૭૭.૦૯ લાખની કિંમતની વિદેશી દારૂની ૫,૯૩૦ બોટલો, મકાનમાંથી

**અનુ પાના નં.૨ પર**













તસવીરઃ હિરેન ગાંધી

જામનગરના દરેડ સ્થિત શિવમ પાર્કમાં આવેલી એક ફેક્ટરીમાંથી બે વર્ષ જૂના મર્ડર મિસ્ટ્રીનો રહસ્યસ્ફોટ થયો છે. પતિ દ્વારા સતત અપાતા શારીરિક અને માનસિક અસહ્ય ત્રાસથી કંટાળેલી પત્નીએ પોતાના પ્રેમી સાથે મળીને પતિનું કાસળ કાઢી નાખવાનું ખૌફનાક ષડયંત્ર રચ્યું હતું. ગુનાના પુરાવાઓ સદંતર નાશ પામે તે હેતુથી આરોપીઓએ હત્યા બાદ મૃતદેહને કારખાનાના શેડમાં જ ૧૨ ફૂટ ઊંડો ખાડો ખોદીને દફનાવી દીધો હતો. જોકે, બે વર્ષ બાદ મળેલી ચોક્કસ ગુપ્ત બાતમીના આધારે ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે ધસી ગયો હતો અને જેસીબી મશીનરી વડે ખોદકામ કરાવી દાટેલા અવશેષો બહાર કાઢીને સમગ્ર ખૌફનાક ઘટના પરથી પડદો ઊંચક્યો હતો. ઘટનાનો પર્દાફાશ થતાં જ જામનગરમાં સોપો પડી ગયો હતો.

## પ્રેમિકાને ત્રાસ આપતા પતિને પ્રેમીએ મારી ખાડામાં દાટી દીધો

### જામનગરમાં ૨ વર્ષ પહેલા ગુમનોંધનું રહસ્ય હત્યામાં ખૂલ્યું; અવશેષો કાઢવા ખોદકામ શરૂ કરાયું

**સમય સંદેશઃ જામનગર**

જામનગર નજીક દરેડ વિસ્તારમાં આવેલા શિવમ પાર્કમાંથી એક સનસનાટીભરી ઘટના સામે આવી છે, જેણે ફિલ્મી સ્ટોરીઓને પણ પાછળ છોડી દીધી છે. બે વર્ષ અગાઉ નોંધાયેલી એક ગુમનોંધની તપાસ દરમિયાન પત્ની અને તેના પ્રેમીએ મળીને પતિની ઘાતકી હત્યા કરી હોવાનો પર્દાફાશ થયો છે. પત્ની પર સતત શારીરિક-માનસિક ત્રાસ ગુજારતા પતિથી મુક્તિ મેળવવા માટે મહિલાએ પોતાના પ્રેમી નિલેશને જાણ કરી હતી. જેના પગલે બંનેએ મળીને પતિનો કાંટો કાઢી નાખવાનો ખૌફનાક પ્લાન ઘડી કાઢ્યો હતો.

ષડયંત્ર મુજબ આરોપી નિલેશે પ્રેમિકાના પતિને પોતાના કારખાનામાં પાર્ટી કરવાના બહાને બોલાવ્યો હતો. જ્યાં કેફી કે ઝેરી પીણું પીવડાવી તેને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યો હતો. આ ગુનામાં નિલેશને એક પરપ્રાંતીય શખસે પણ મદદ કરી હતી. હત્યા બાદ



પુરાવાનો નાશ કરવાના ઈરાદે આરોપીઓએ જામનગરના દરેડ સ્થિત શિવમ પાર્કમાં આવેલા કારખાનાની અંદર જ ૧૦ ફૂટ ઊંડો ખાડો ખોદીને મૃતકની લાશને દાટી દીધી હતી અને આ રહસ્ય બે વર્ષ સુધી છુપાવી રાખ્યું હતું. તાજેતરમાં પોલીસને આ મામલે ચોક્કસ બાતમી મળતા જામનગર પોલીસ એક્શન મોડમાં આવી ગઈ હતી. ઘટનાની ગંભીરતાને ધ્યાને લઈ એએસપી પ્રતિભા, એલસીબી પીઆઈ વી.બી. ચૌધરી, પંચકોશી-બી પીઆઈ વિજય રાઠોડ, સિટી-બી પીઆઈ ગઢવી તેમજ એસડીએમ સહિતનો ઉચ્ચ પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. કાયદાકીય પ્રક્રિયા હાથ ધરી મશીનરીની મદદથી કારખાનામાં ખોદકામ શરૂ કરી મૃતકના અવશેષો બહાર કાઢવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, આવી જ એક ઘટના ગત મહિને વાવ-થરાદ પંથકના ગણેશપુરા ગામમાં પણ બની હતી,

**અનુ પાના નં.૨ પર**

## જામનગરમાં મની લેન્ડિંગ લાયસન્સ રિન્યૂ કરવા રૂ. ૧૪ હજારની લાંચ લેતા વચેટિયો અને સબ-ઓડિટર એસીબીના છટકામાં ઝડપાયા







**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં એક જાગૃત નાગરિકે પોતાના નાણાં ધીરધાર (ફાઇનાન્સ)નું લાયસન્સ રિન્યૂ કરવા માટે જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીની કચેરીમાં અરજી કરી હતી. આ લાયસન્સ રિન્યૂ કરી આપવાના અવેજ પેટે સરકારી અધિકારીઓ વતી નીલેશભાઈ જગદિશચંદ્ર છાપીયા નામના ખાનગી વ્યક્તિ (વચેટિયા)એ રૂ. ૧૪,૦૦૦ની લાંચની માંગણી કરી હતી. ફરિયાદીએ ઓડિટર ગ્રેડ-૧ એમ.એન. જેઠવાનો સંપર્ક કરતા તેમણે પણ લાંચની રકમ વચેટિયા નીલેશભાઈને આપી દેવા જણાવ્યું હતું. ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી

**અનુ પાના નં.૨ પર**

## જામનગરમાં કંગના રનૌતના નિવેદન સામે પૂર્વ કોર્પોરેટર રચનાબેને કાદવમાં ગરબા રમી રોષ વ્યક્ત કર્યો











તસવીરઃ હિરેન ગાંધી

અભિનેત્રી અને સાંસદ કંગના રનૌત દ્વારા આપવામાં આવેલા વિવાદાસ્પદ નિવેદનના વિરોધમાં જામનગરમાં અનોખો વિરોધ પ્રદર્શન જોવા મળ્યો હતો. કંગનાના નિવેદન સામે ભારે આક્રોશ વ્યક્ત કરતા જામનગરના પૂર્વ કોર્પોરેટર રચનાબેન નંદાણીયાએ પોતાના સમર્થકો સાથે કાદવમાં ગરબા રમીને વિરોધ નોંધાવ્યો હતો. તેમણે કંગના રનૌતના વલણની સખત શબ્દોમાં ટીકા કરી હતી અને આ પ્રકારના નિવેદનોથી લોકોની લાગણી દુભાતી હોવાનો આક્ષેપ કર્યો હતો. કાદવમાં ગરબા રમીને નોંધાવવામાં આવેલો આ અનોખો વિરોધ સમગ્ર જામનગર પંથકમાં અને સોશિયલ મીડિયા પર ભારે ચર્ચાનો વિષય બન્યો હતો.


## તંત્રી સ્થાનેથી..

# આંદોલનકારીઓ પર સરકારનું વલણ

જંતર-મંતર ખાતે છત્રીસ દિવસ સુધી ચાલેલું વિદ્યાર્થી આંદોલન માત્ર એક વિરોધ પ્રદર્શન નહોતું. તે દેશની સડી ગયેલી શિક્ષણ વ્યવસ્થા, પરીક્ષાઓમાં થતી ગેરરીતિ, પેપર લીક અને સત્તાની જવાબદારીહીનતા સામે યુવાનોનો સામૂહિક આક્રોશ હતો. આંદોલન એટલું પ્રબળ બન્યું કે શિક્ષણ મંત્રીને રાજીનામું આપવું પડ્યું. પરંતુ સરકારને પોતાની નિષ્ફળતાનો સ્વીકાર કરતાં વધુ ચિંતા આંદોલનની સફળતાની છે. તેથી હવે સત્તાએ જૂનું અને જાણીતું. અજમાવી જોવાયેલું શસ્ત્ર કાઢ્યું છેઃ આંદોલનના મુદ્દાનો જવાબ ન આપો, આંદોલનકારીઓના ચારિત્ર્ય પર હુમલો કરો. દિલ્હી પોલીસ દ્વારા જાહેર કરાયેલા આંકડાઓથી એવું નેરેટિવ ઊભું કરવામાં આવી રહ્યું છે કે આંદોલનમાં વિદ્યાર્થીઓ અને યુવાનો નહીં, પરંતુ ગુનેગારોનું ટોળું ઊતર્યું હતું. હજારો પ્રદર્શનકારીઓમાંથી પસંદ કરાયેલા થોડા લોકોના ભૂતકાળના કેસોને આખા આંદોલનની ઓળખ બનાવી દેવાનો પ્રયાસ થઈ રહ્યો છે. કોઈ વ્યક્તિ સામે કેસ નોંધાયો હોય એટલે તે દોષિત થઈ જતો નથી. કેસ, આરોપ અને સજા વચ્ચેનો ભેદ પોલીસ અને સરકાર સારી રીતે જાણે છે. છતાં આ ભેદને ઈરાદાપૂર્વક ભૂંસી નાખવામાં આવી રહ્યો છે. સરકારનો સંદેશ સ્પષ્ટ છેઃ પ્રશ્ન પૂછશો તો ગુનેગાર ગણાશો, રસ્તા પર ઊતરશો તો અસામાજિક તત્વ ગણાશો અને સરકારને ઝુકાવશો તો દેશદ્રોહી કે ષડ્યંત્રકારી જાહેર કરાશો. કેટલાક પ્રદર્શનકારીઓએ વાંધાજનક ભાષાનો ઉપયોગ કર્યો હોય તો તેની ટીકા થવી જોઈએ. પરંતુ બે-ચાર લોકોના સૂત્રોને છત્રીસ દિવસના સમગ્ર આંદોલનનું પ્રતિનિધિત્વ ગણાવવું બૌદ્ધિક બેઈમાની છે. સરકારને અપશબ્દો સામે વાંધો નથી, સરકારને પોતાના વિરુદ્ધ ઊઠેલા અવાજ સામે વાંધો છે. એટલે સોશિયલ મીડિયાની પોસ્ટ દૂર થાય છે, વીડિયો શોધીને વાયરલ કરવામાં આવે છે અને મૂળ પ્રશ્નને દફનાવી દેવામાં આવે છેઃ પરીક્ષાનું પેપર કોણે લીક કર્યું? જવાબદાર કોણ? લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા ખેલનો હિસાબ કોણ આપશે? ખાલિસ્તાની કહી દેવા તે પણ એ જ જૂની પટકથાનો ભાગ છે. દરેક લોકઆંદોલનને ક્યારેક વિદેશી ષડ્યંત્ર, ક્યારેક દેશવિરોધી શક્તિ અને ક્યારેક અસામાજિક તત્વો સાથે જોડવું સત્તાની જાણીતી પદ્ધતિ બની ગઈ છે. હેતુ તપાસ કરવાનો નથી, શંકા ઊભી કરવાનો છે. પુરાવો આપવાનો નથી, બદનામી ફેલાવવાની છે. હેતુ દેશના લોકોના માનસમાં એવું છાપ ઉભી કરી દેવાનો છે કે આંદોલન કરનારાઓ દેશદ્રોહી હતા.



# હાલારના હાલહવાલ



## દ્વારકાધીશ મંદિર વિસ્તાર માટે આકરા નિયમોઃ ગોમતી નદીમાં માછીમારી, તમાકુ, તથા ફેરિયાઓ પર પ્રતિબંધ : જીલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું

**સમય સંદેશઃ દ્વારકા**

યાત્રાધામ દ્વારકામાં આવનારા લાખો શ્રદ્ધાળુઓની સુવિધા, સુરક્ષા અને ધાર્મિક વાતાવરણ જળવાઈ રહે તે હેતુથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મહત્વના પ્રતિબંધાત્મક આદેશો અમલમાં મૂકવામાં આવ્યા છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રસિદ્ધ કરાયેલા જાહેરનામા મુજબ ગોમતી નદીમાં ગેરકાયદેસર માછીમારી, મંદિર પરિસરની આસપાસ તમાકુજન્ય પદાર્થોના વેચાણ અને ઉપયોગ તેમજ ભિક્ષુકો અને ફરતા ફેરિયાઓની અવરજવર પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.



જાહેરનામામાં જણાવ્યા મુજબ ગોમતી નદીમાં કેટલાક લોકો દ્વારા નિયમોનો ભંગ કરીને કરવામાં આવતી માછીમારીને કારણે યાત્રાળુઓ ની ધાર્મિક લાગણી દુભાતી હોવાની સાથે ગોમતી સ્નાન માટે આવતી મહિલાઓને પણ મુશ્કેલી ઊભી થતી હોવાની રજૂઆતો મળી હતી. આથી સંગમનારાયણ મંદિરથી લઈને જૂના અને નવા ગોમતીઘાટ, કીર્તિસ્તંભથી દ્વારકાધીશ મંદિર પાર્કિંગ વિસ્તાર તેમજ ગોમતીના સામા કિનારેથી સમુદ્ર સુધીના વિસ્તારમાં બોટ, હોળી અથવા પગપાળા કોઈપણ પ્રકારની માછીમારી કરવા પર સંપૂર્ણ પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે.

આ સાથે દ્વારકાધીશ મંદિરની ૧૦૦ મીટરની પરિધિમાં પાન-મસાલા, ગુટકા, તમાકુ, સિગારેટ સહિતના તમાકુજન્ય પદાર્થોના વેચાણ, ખરીદી અને સેવન પર પણ રોક લગાવવામાં આવી છે. મંદિર પરિસરમાં ગંદકી ફેલાતી અટકાવવા અને સ્વચ્છતા જાળવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હોવાનું તંત્રએ જણાવ્યું છે.

વધુમાં, ભાવિકોને અવરજવરમાં કોઈ અડચણ ન સર્જાય, મંદિરની સુરક્ષા વ્યવસ્થા મજબૂત રહે અને ટ્રાફિકનું સુચારુ સંચાલન થઈ શકે તે માટે મંદિરથી ૧૦૦ મીટરની ત્રિજ્યામાં ભિક્ષુકો અને ફરતા ફેરિયાઓને પણ પ્રતિબંધિત કરવામાં આવ્યા છે. પોલીસ તંત્રના જણાવ્યા મુજબ આવા પ્રતિબંધોથી ચોરી, લૂંટ અને અન્ય અનિચ્છનીય પ્રવૃત્તિઓ પર પણ નિયંત્રણ લાવવામાં મદદ મળશે. જિલ્લા તંત્રે સ્પષ્ટ કર્યું છે કે આ તમામ જાહેરનામા આગામી ૨૧ સપ્ટેમ્બર સુધી અમલ માં રહેશે. જાહેરનામાનું ઉલ્લંઘન કરનાર સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## ગુરુપૂર્ણિમા નિમિત્તે દ્વારકાધીશ મંદિરમાં ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું



**સમય સંદેશઃ દ્વારકા**

ગુરુપૂર્ણિમાના પાવન અવસરે ભગવાન શ્રી દ્વારકાધીશના મંદિરમાં દેશ-વિદેશથી આવેલા શ્રીકૃષ્ણ ભક્તોનું ઘોડાપુર ઉમટ્યું હતું. વહેલી સવારથી જ મંદિર પરિસરમાં દર્શન માટે ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. ભક્તોએ 'જય દ્વારકાધીશ'ના જયઘોષ સાથે ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પવિત્ર દિવસે સમગ્ર દ્વારકાનગરી ભક્તિમય વાતાવરણથી કૃષ્ણમય બની હતી. યાત્રિકોની વિશાળ સંખ્યાને ધ્યાનમાં રાખી મંદિર તંત્ર અને પોલીસ વિભાગ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. પોલીસ, હોમગાર્ડ તેમજ સ્વયંસેવકોની મદદથી દર્શન વ્યવસ્થા સુચારુ રીતે સંચાલિત થઈ હતી, જેના કારણે ભક્તોએ સરળતાથી દર્શનનો લાભ લીધો હતો.

## કારગિલ વિજય દિવસ નિમિતે દ્વારકામાં પૂર્વ સૈનિકો દ્વારા શહીદોને ભાવાંજલિ અર્પણ

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકામાં શનિવારે કારગિલ વિજય દિવસની દેશભક્તિપૂર્ણ અને ગૌરવસભર ઉજવણી કરવામાં આવી હતી. માજી સૈનિક સેવા મંડળના આયોજન હેઠળ યોજાયેલા કાર્યક્રમમાં ભારતીય સેનાના પૂર્વ સૈનિકો, શહીદો ના પરિવારજનો, નગરજનો અને વિવિધ ક્ષેત્રના આગેવાનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમ દરમિયાન કારગિલ યુદ્ધમાં દેશની રક્ષા માટે સર્વોચ્ચ બલિદાન આપનાર વીર



શહીદોને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

આ પ્રસંગે ઉપસ્થિત પૂર્વ સૈનિકોએ કારગિલ યુદ્ધના શૌર્ય, પરાક્રમ અને બલિદાનને યાદ કરીને દેશ માટે જીવ અર્પણ કરનાર જવાનો ને નમન કર્યું હતું. કાર્યક્રમમાં શહીદોના ફોટોચિત્રો સમક્ષ પુષ્પાંજલિ અર્પણ કરવામાં આવી હતી તેમજ દેશપ્રેમ અને રાષ્ટ્રસેવાનો સંદેશ આપવામાં આવ્યો હતો. વક્તાઓએ જણાવ્યું હતું કે કારગિલ વિજય દિવસ માત્ર એક ઐતિહાસિક દિવસ નહીં, પરંતુ દેશ માટે બલિદાન આપનાર શહીદોના પરાક્રમને યાદ કરવાનો અને નવી પેઢીમાં દેશભક્તિની ભાવના જાગૃત કરવાનો અવસર છે. કાર્યક્રમ દરમિયાન કારગિલ યુદ્ધમાં શહીદ થયેલા સૈનિકોના પરિવારજનોનું શાલ ઓઢાડીને અને પુષ્પગુચ્છ અર્પણ કરીને સન્માન કરવામાં આવ્યું હતું. આ સન્માનથી ઉપસ્થિત સૌ કોઈ ભાવવિભોર બની ગયા હતા.

## સલાયામાં માછીમારી કરવા સબબ બે માછીમારો સામે કાર્યવાહી

**સમય સંદેશઃ સલાયા**

ખંભાળિયા તાલુકાના સલાયા ગામે આવેલા લેન્ડિંગ પોઇન્ટ વિસ્તારમાં હાલ ચોમાસાની ઋતુના કારણે માછીમારી કરવા પર પ્રતિબંધ હોવા છતાં સલાયાના રહીશ સાલેમામદ હુસેન સંઘાર અને ઓસમાણ હુસેન હુંદડા નામના બે માછીમારોએ કોઈપણ જાતની પૂર્વપરવાનગી વગર પોતાની એન્જિન લગાડેલી બોટમાં માછીમારી કરવા જતા પોલીસે ઝડપી લઇ, બંને સામે બી.એન.એસ. ની કલમ ૨૨૩ હેઠળ કાર્યવાહી કરી હતી.

## જામનગરમાં ચક્કર આવતા પડી જવાથી વૃધ્ધનું મોત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં સ્વામીનારાયણ સોસાયટી, મામા સાહેબના મંદિર પાસે રહેતાં મનસુખભાઇ ગેલાભાઇ વાળા (ઉ.વ.૬૨) નામના વૃધ્ધ ગત તા.૨૦-૬-૨૦૨૬ ના રોજ બેડીના નાકા પાસે ચક્કર આવી જતાં તેઓ પડી ગયા હતાં. જેથી તેઓને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા હતાં. જ્યાં ગઇકાલે તેઓનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે શહેરના બેડેશ્વર સરકારી ક્વાર્ટરમાં રહેતાં મૃત્તકના પુત્રી ધર્મિષ્ઠાબેન વાળાએ પોલીસને જાણ કરતાં સિટી બી ડિવિઝન પોલીસ મથકના એએસઆઇ પી.કે.વાઘેલા સહિતનો સ્ટાફ હોસ્પિટલ ખાતે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## શહેરીજનો માટે ઈમરજન્સી સેવા માટેના નંબર જાહેર કરતી મનપા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા આપાતકાલીન પરિસ્થિતિઓ અને ચોમાસાની ઋતુને ધ્યાનમાં રાખીને શહેરના નાગરિકો માટે ઈમરજન્સી હેલ્પલાઈન નંબરો જાહેર કરવામાં આવ્યા છે. શહેરમાં ચોમાસા દરમિયાન પાણી ભરાવા, ડ્રેનેજ બ્લોકેજ, વૃક્ષો પડી જવા, આગની ઘટનાઓ કે અન્ય કોઈ પણ પ્રકારના રેસ્ક્યુ (બચાવ કામગીરી) ને લગતી ઈમરજન્સી સમયે ત્વરિત સહાય મેળવવા માટે કંટ્રોલ રૂમ નંબર પર તુરંત સંપર્ક કરી શકો છો. મેઈન નં-૦૨૮૮૨૬૭૨૨૦૮ તેમજ ઈમરજન્સી નંબર ૧૦૧ / ૧૧૦૨ તેમજ ફ્લડ (પૂર) કંટ્રોલ રૂમ નં-૯૪૦૯૪૨૦૮૬૭ તેમજ ૯૪૦૯૪૦૨૩૬૯ અને ૦૨૮૮ ૨૭૭૦૫૧૫ જાણ કરવા જણાવાયું છે જામનગર મહાનગરપાલિકાની ટીમ ચોવીસ કલાક જાહેર જનતાની સુરક્ષા અને સેવામાં હાજર રહેશે. ઈમરજન્સી સમયે આ નંબરોનો ઉપયોગ કરો અને અન્ય નાગરિકોને મદદરૂપ બનવા તેમજ માહિતી આપવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

## ઓખા નજીક કારમાં લઈ જવાતો દારૂનો જથ્થો ઝડપાયોઃ આરોપીઓ ફરાર

ઓખા નજીક આવેલી ડાલડા બંદર ચેક પોસ્ટ પાસેથી પસાર થતી જીજે ૧૦ ટી.વાય. ૫૫૭૨ નંબરની એક આર્ટિગા મોટરકારને પોલીસે અટકાવી, ચેકિંગ કરતા આ મોટરકારમાંથી દેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. આથી પોલીસે રૂ. 30,000 ની કિંમતના દારૂ અને રૂપિયા પાંચ લાખની કિંમતની આર્ટિગા મોટરકાર સહિત કુલ રૂપિયા ૫ લાખ 30 હજારનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ કાર્યવાહી દરમિયાન ભાણવડના મોડપર ગામનો કરશન ચાવડા તેમજ એક અજાણ્યો શખ્સ આ મુદ્દામાલને મૂકીને નાસી છૂટ્યા હોવાનું જાહેર થયું છે. જે અંગે ઓખા મરીન પોલીસ મથકમાં ધોરણસર ગુનો નોંધાયો છે.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


# અનુસંધાન

### જામનગર આયુર્વેદ

(પાના નં. ૪ થી આગળ)

જવાબદાર અધિકારીઓ દ્વારા અગાઉથી જાણ કરવા છતાં યુનિવર્સિટી તંત્રે કોઈ અસરકારક પગલાં લીધા નહોતા, જે ગંભીર બેદરકારી દર્શાવે છે. છેલ્લા ૬ વર્ષ દરમિયાન રાજ્યમાં હેડ ક્લાર્ક, ડીજીવીસીએલ, વનરક્ષક અને જુનિયર ક્લાર્ક સહિતની અનેક પરીક્ષાઓના પેપર લીક થયા હોવા છતાં સરકાર માત્ર કડક કાયદાની વાતો કરે છે, પરંતુ જવાબદારો સામે કોઈ નક્કર કાર્યવાહી કરતી નથી, તેવી ટીકા પણ કરવામાં આવી હતી.

એનએસયુઆઈએ આવેદનપત્રમાં માંગ કરી છે કે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીના બીએએમએસ પેપર લીક પ્રકરણની ન્યાયિક અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે, પેપર લીકમાં સંડોવાયેલા પેપર સેટર તથા તમામ જવાબદાર અધિકારીઓ સામે ત્વરિત ફોજદારી કાર્યવાહી કરવામાં આવે, ભ્રષ્ટ સિસ્ટમ સામે માત્ર દેખાવ પૂરતી કાર્યવાહી નહીં પરંતુ કડકમાં કડક સજા કરવામાં આવે તેમજ રાજ્યની તમામ યુનિવર્સિટીઓમાં પરીક્ષાઓની પવિત્રતા અને પારદર્શિતા સુનિશ્ચિત કરવામાં આવે. એનએસયુઆઈએ ચેતવણી આપી છે કે જો આગામી સમયમાં આ મામલે તાત્કાલિક અને કડક પગલાં લેવામાં નહીં આવે તો વિદ્યાર્થીઓના હિતમાં રાજ્યવ્યાપી ઉગ્ર આંદોલન કરવામાં આવશે. જેની સંપૂર્ણ જવાબદારી સરકાર અને વહીવટી તંત્રની રહેશે. આ વિરોધ કાર્યક્રમમાં રવિરાજસિંહ વી. ગોહિલ (પ્રમુખ, એનએસયુઆઈ જામનગર શહેર) અને મહિપાલસિંહ એ. જાડેજા (પ્રમુખ, યુવક કોંગ્રેસ જામનગર શહેર) સહિતના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

### કાલાવડ અને લાલપુર

(પાના નં. ૪ થી આગળ)

ગુન્હાનો ભેદ પણ ઉકેલ્યો હતો. આ કાર્યવાહી એલસીબી પી.આઇ વી.બી.ચૌધરીના માર્ગદર્શન મુજબ પીએસઆઇ એમ.વી.ભાટીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઇ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, અરજણભાઇ કોડીયાતર, ભરતભાઇ ડાંગર, ધનશ્યામભાઇ ડેરવાળીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, ક્રિપાલસિંહ જાડેજા, સુમીતભાઇ શીયાર, મયુદીનભાઇ સૈયદ ,હિરેનભાઇ વરણવા, નિર્મળસિંહ જાડેજા, યુવરાજસિંહ ઝાલા, ધમેન્દ્રસિંહ જાડેજા,ભયપાલિંહ જાડેજા, રૂષીરાજસિંહ વાળા, કિશોરભાઇ પરમાર, મયુરસિંહ પરમાર, અરજયભાઇ વીરડા, સુરેશભાઇ માલકીયા, દયારામ ત્રિવેદી, શૌલેન્દ્રસિંહ જાડેજા, ભારતીબેન ડાંગર વિગેરે દ્વારા કરવામા આવેલ છે.

### વકિલોની હડતાળ

(પાના નં. ૩ થી આગળ)

આ મિટિંગ માં સર્વાનુમતે નકી કરી નીચે મુજબ નો ઠરાવ કરેલ છે. રાજકોટમાં હાઇકોર્ટ બેન્ચ મળે તે અંગે સૌરાષ્ટ્ર કચ્છના વકીલો ની સાથે જામનગર બાર પણ આ લડાઈ માં સાથે રહેશે. બેઠક બાદ આવેદનપત્ર આપવા માટે બાઈક રેલી દ્વારા વકિલો કોર્ટ પરિસરથી નિકળ્યા હતા. આ કાર્ય પ્રજાના હિત માટે નું કાર્ય હોય અગાઉ રાજકોટમાં હાઇકોર્ટ હતી ૧૯૬૦ થી હાઇકોર્ટ બંધ થયેલ છે જે બંધ થયેલ સુવિધા ફરી પાછી મળે તે અંગે જનહિત નું હાલનું આંદોલન છે.

આંદોલન તબક્કા વાર અલગ અલગ કાર્યક્રમો આપી અને હાઇકોર્ટ અંગેની લડાઈ સૌરાષ્ટ્ર કચ્છના વકીલો તથા મંડળો સાથે મળી અને આ માગણીને બુલંદ બનાવશે અને તે અંગે જરૂરી કાર્યક્રમો રાજકોટ મુકામે સર્વાનુમતે નકી કરવામાં આવશે તેમ જામનગર વકિલ મંડળના પ્રમુખ ભરતભાઇ સુવા અને અન્ય હોદેદારોએ જણાવ્યું હતું. ગુજરાત બાર કાઉન્સીલના પૂર્વ ચેરમેન મનોજભાઇ અનડકટ પણ ઉપસ્થિત રહ્યા હતા.

### પ્રેમિકાને ત્રાસ

(પાના નં. ૧ થી આગળ)

જ્યાં આડાસંબંધમાં બાધક બનતા પતિની પત્ની નર્મદા, તેના પ્રેમી પ્રેમજી પટેલ અને સાગરીતે મળીને લાકડાના પાટિયાના ઘા મારી તથા ગળું દબાવી હત્યા કરી દીધી હતી. થરાદ પોલીસે તે ગુનામાં મહિલા સહિત ૩ આરોપીઓની ધરપકડ કરી હતી, ત્યારે હવે જામનગરમાં બે વર્ષ જૂના હત્યાકાંડનો પર્દાફાશ થતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

### જામનગરમાં મની લેન્ડિંગ

(પાના નં. ૧ થી આગળ)

તેમણે આ અંગે જામનગર લાંચ રુશવત વિરોધી બ્યુરોનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદના આધારે જામનગર એસીબીના પોલીસ ઇન્સ્પેક્ટર એ.આર. ગોહિલ અને તેમની ટીમ દ્વારા છટકું ગોઠવવામાં આવ્યું હતું. ટ્રેપ દરમિયાન વચેટિયા નીલેશ છાપીયાએ ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી લાંચના રૂ. ૧૪,૦૦૦ ઓનલાઇન 'ગુગલ પે' દ્વારા પોતાના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરાવી લીધા હતા. લાંચની રકમ મળી ગયા બાદ તેણે ફોન પર આ રકમ સ્વીકાર્યાનું કન્ફર્મેશન આપ્યું હતું અને જિલ્લા રજિસ્ટ્રાર કચેરીના સબ-ઓડિટર દિગ્વિજયગીરી ભુપતગીરી ગોસાઈને પણ ફરિયાદીનું લાયસન્સ રિન્યૂ કરવા માટે લાંચ મળી ગઈ હોવાની જાણ કરી હતી.

આ ગુનાહિત ગેરવર્તણૂક અને હોદ્દાના દુરુપયોગ બદલ એસીબીની ટીમે વચેટિયા નીલેશ છાપીયા તથા સબ-ઓડિટર દિગ્વિજયગીરી ગોસાઈની સ્થળ પરથી અટકાયત કરી લીધી હતી. જ્યારે આ કેસમાં સંડોવાયેલા અન્ય આરોપી ઓડિટર એમ.એન. જેઠવા સ્થળ પર મળી આવ્યા ન હોવાથી તેમને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કરાયા છે. આ સમગ્ર કામગીરી એસીબી રાજકોટ એકમના મદદનીશ નિયામક જે.ડી. મેવાડાના સુપરવિઝન અને ઇન્ચાર્જ નાયબ નિયામક બલદેવસિંહ વાઘેલાના માર્ગદર્શન હેઠળ પાર પાડવામાં આવી હતી.

### રૂ. ૧ કરોડથી વધુનો વિદેશી

(પાના નં. ૧ થી આગળ)

મળેલી ૪૮ બોટલો, રૂ. ૨૦ લાખની કિંમતનો ટેન્કર ટ્રક (GJ-01-JT-2566), ૩ મોટરસાયકલ, રોકડ રકમ, મોબાઈલ ફોન, ફાસ્ટેગ અને અન્ય દસ્તાવેજો મળી કુલ રૂ. ૧,૦૦,૮૫,૫૩૦નો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આરોપીઓએ દારૂની હેરફેર માટે બોગસ નંબર પ્લેટનો ઉપયોગ કર્યો હોવાનું પણ સામે આવ્યું છે. આ સમગ્ર કૌભાંડમાં ગુજરાત પ્રોહિબિશન એક્ટ તેમજ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. દારૂ મંગાવનાર મુખ્ય સૂત્રધાર, ટેન્કર માલિક, અન્ય ડ્રાઈવર અને ફાસ્ટેગ ધારક સહિત ૧૦ આરોપીઓની શોધખોળ શરૂ કરવામાં આવી છે. હાલ સમગ્ર ગુનાની આગળની ઊંડાણપૂર્વકની તપાસ લાલપુર પોલીસ દ્વારા ચલાવવામાં આવી રહી છે.

### 'વંદે માતરમ'

(પાના નં. ૧ થી આગળ)

ઉમેર્યું કે ૧૯૫૦માં ડો. રાજેન્દ્ર પ્રસાદે બંધારણ સભામાં સ્પષ્ટ કહ્યું હતું કે સ્વતંત્રતા સંગ્રામમાં ઐતિહાસિક યોગદાન આપનાર 'વંદે માતરમ' ને રાષ્ટ્રગીત જેટલું જ ગૌરવ અને સ્થાન મળશે.

ચર્ચા દરમિયાન ગૃહ રાજ્યમંત્રીએ બંકિમ ચંદ્ર ચટ્ટોપાધ્યાય દ્વારા ૧૮૭૫માં રચાયેલા આ ગીત સાથે જોડાયેલા ઐતિહાસિક પ્રસંગો પણ યાદ કર્યા હતા. તેમણે સ્મરણ કરાવ્યું હતું કે ૧૫ ઓગસ્ટ ૧૯૪૭ની પ્રથમ સવારે સરદાર વલ્લભભાઈ પટેલના આગ્રહથી પંડિત ઓમકારનાથ ઠાકુરે ઓલ ઈન્ડિયા રેડિયો પરથી સંપૂર્ણ વંદે માતરમનું ગાન કરીને આઝાદીનું સ્વાગત કર્યું હતું.

બિલ પર ચર્ચાની શરૂઆત કરતાં ભાજપના સાંસદ ડો. રાધા મોહન દાસ અગ્રવાલે જણાવ્યું હતું કે, આ ગીતે દેશના અસંખ્ય ક્રાંતિકારીઓને ફાંસીના માચે ચડવાની પ્રેરણા આપી છે. YSRCPના ગોલ્લા બાબુરાવ ઉપરાંત BJD, AAP અને AIADMK સહિતના વિવિધ રાજકીય પક્ષોના સભ્યોએ બિલનું સમર્થન કર્યું હતું. બિલ પસાર થયા બાદ રાજ્યસભાની કાર્યવાહી આવતીકાલ સુધી સ્થગિત કરવામાં આવી હતી.

### સ્ટુડન્ટ - ઈડિયટ - અંધભકત

(પાના નં. ૧ થી આગળ)

આરોપ છે. વિપક્ષી સાંસદોએ સૂત્રોચ્ચાર કર્યા, રાહુલ ગાંધીને બોલવા દો, રાહુલ ગાંધીને બોલવા દો. હોબાળો વધતો જોઈને લોકસભા અધ્યક્ષે રાહુલ ગાંધીને પણ સૂચના આપી કે નક્કર પુરાવા વિના ગૃહમાં આવા ગંભીર આરોપો લગાવી શકાય નહીં. રાહુલ ગાંધીના નિવેદન અને પેલેટ ગન અંગે શાસક પક્ષ અને વિપક્ષ વચ્ચે ભારે હોબાળો થયો અને ગૃહની કાર્યવાહી સ્થગિત કરવામાં આવી.

લોકસભામાં બોલતા, વિપક્ષના નેતા રાહુલ ગાંધીએ કહ્યું કે જો ભાજપના નેતાઓ તેમના બાળકોને ચાલી રહેલા વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શન વિશે પૂછે, તો તેઓ જાણશે કે તેઓ વિરોધીઓની સાથે ઉભા છે. તેમણે કહ્યું, આ દેશના ભવિષ્યે આપણા રસ્તાઓ પર શું કર્યું તે અંગે હું ખૂબ જ ઉત્સાહિત અને આત્મવિશ્વાસ ધરાવતો હતો. તે ગુસ્સો, હિસા કે નફરત નહોતી. તે આ દેશના યુવાનો અને આગામી પેઢીની લાગણીઓની ઊંડી અભિવ્યક્તિ હતી, અને મારું માનવું છે કે ભાજપના મારા મિત્રો સહિત તમામ રાજકીય પક્ષોએ આ ભાવનાનો આદર કરવો જોઈએ.

શાસક પક્ષના ભારે હોબાળા વચ્ચે રાહુલ ગાંધીએ લોકસભામાં પેપર લીક વિરોધી બિલ પર વાત કરી. તેમણે એક મહિલા વિદ્યાર્થીની સાથેની વાતચીતના આધારે વિદ્યાર્થી,મૂર્ખ, અને અંધ ભક્ત જેવા શબ્દોનો ઉપયોગ કર્યો. શાસક પક્ષે રાહુલના શબ્દોનો સખત વિરોધ કર્યો. રાહુલ ગાંધીએ સ્પષ્ટપણે કહ્યું કે તેઓ શાસક પક્ષના કોઈપણ સભ્યને મૂર્ખ નથી કહી રહ્યા.

## રાહુલ ગાંધીના આક્ષેપો સામે ભાજપનો પલટવારઃ દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર ગોળીબારના દાવા ફગાવી સંબિત પાત્રાએ રાહુલ ગાંધીને ઘેર્યા

લોકસભામાંથી એન્ટી પેપર લીક બિલ પસાર થયા બાદ વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ પત્રકાર પરિષદ યોજીને દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ અને પેલેટ ગનનો ઉપયોગ થયાનો આરોપ લગાવ્યો હતો તેમજ આ મુદ્દે કેન્દ્રીય ગૃહમંત્રીની જવાબદારી નક્કી કરી રાજીનામાની માગ કરી હતી. રાહુલ ગાંધીના આ પ્રહારો સામે ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા સંબિત પાત્રાએ ત્વરિત પલટવાર કરતા તમામ આક્ષેપોને પાયાવિહોણા ગણાવ્યા હતા. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે દિલ્હીમાં વિદ્યાર્થીઓ પર કોઈ ગોળીબાર થયો નથી કે ન તો એવો કોઈ આદેશ અપાયો હતો; રાહુલ ગાંધી માત્ર સંસદમાં સનસનાટી ફેલાવવા માટે અસત્યનો પ્રચાર કરી રહ્યા છે અને વિદ્યાર્થીઓની કેટેગરી દર્શાવી દેશના યુવાનોનું અપમાન કરી રહ્યા છે.

# જામનગર જિલ્લા બેંકના નવા ભવનનું લોકાપર્ણ કરતા કેન્દ્રિય મંત્રી અમિત શાહ

## રૂા.૨૫ કરોડના ખર્ચે બનેલા સહકાર ભવનનું વર્ચ્યુઅલ ઉદ્દઘાટન કરતા ગૃહમંત્રીએ જામનગરની આગામી મુલાકાત વખતે રૂબરૂ મુલાકાત લેવાનું આપ્યું વચન : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી, એપેક્ષ બેંકના ચેરમેન અજય પટેલ અને સાંસદ પૂનમબેન માડમ પણ વર્ચ્યુઅલ ઉપસ્થિત રહ્યા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકની મુખ્ય કચેરી માટે અંદાજે રૂા. ૨૫ કરોડના ખર્ચે નિર્માણ પામેલા અધતન 'સહકાર ભવન'નું ગઈકાલે કેન્દ્રીય ગૃહ અને સહકારીતા મંત્રી અમિતભાઈ શાહના હસ્તે વર્ચ્યુઅલ ઉદઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યું હતું કે, આ નવનિર્મિત મુખ્યાલય હાલારના ખેડૂતો અને સહકાર ક્ષેત્ર માટે ઉર્જાનું નવું કેન્દ્ર બની રહેશે. ૧૯૫૯માં માત્ર રૂા. ૨.૫ લાખની થાપણથી શરૂ થયેલી આ બેંક આજે રૂા. ૨૧૫૪ કરોડથી વધુનો વાર્ષિક કારોબાર કરી રહી છે, જે સહકારી ક્ષેત્રની તાકાત અને લોકોના અખંડ વિશ્વાસનું પ્રતીક છે. આ સમારોહમાં રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, સહકાર મંત્રી જીતુભાઈ વાઘાણી,



તસવીરઃ હિરેન ગાંધી

સાંસદ પૂનમબેન માડમ તથા એપેક્ષ બેંકના ચેરમેન અજયભાઈ પટેલ વર્ચ્યુઅલી જોડાયા હતા.

વર્ચ્યુઅલ સંબોધન કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળ અલગ સહકાર મંત્રાલયની રચના બાદ દેશનું સહકારી ક્ષેત્ર વધુ મજબૂત અને પારદર્શક બન્યું છે. જામનગર ડિસ્ટ્રિક્ટ કો-ઓપરેટિવ બેંકની કામગીરીની પ્રશંસા કરતા તેમણે ઉમેર્યું કે, બેંક દ્વારા પોતાના એકંદર ધિરાણમાંથી આશરે ૯૭ ટકા ધિરાણ માત્ર કૃષિ અને તેને સંલગ્ન ક્ષેત્રોને આપવામાં આવ્યું છે. આ ઉપરાંત બેંકનું નેટ એનપીએ શૂન્ય ટકા હોવું એ તેના અસરકારક લોન વ્યવસ્થાપન અને ગ્રાહકોના અતૂટ વિશ્વાસની સાબિતી છે.

સમારોહના પ્રારંભે બેંકના ચેરમેન જીતુભાઈ લાલે સ્વાગત પ્રવચન કરતા નવા ભવનની વિગતો આપી હતી. ૨૫ હજાર ચોરસ ફૂટની જગ્યા પર નિર્માણ પામેલા આ ૪ માળના અધતન ભવનમાં કમ્પ્યુટરાઈઝડ બેઠક વ્યવસ્થા, ખેડૂતો અને સભાસદો માટે ફાર્મર હોસ્ટેલ (ડોરમેટરી), એક્ઝિક્યુટિવ રૂમ, ટ્રેનિંગ હોલ, સેમિનાર કક્ષ અને સસ્તા દરે ભોજન માટે ડાઈનિંગ હોલ તથા કેન્ટીનની સુવિધા ઉપલબ્ધ કરાઈ છે. તેમણે બેંકની નાણાકીય પ્રગતિ દર્શાવતા ઉમેર્યું હતું કે બેંકે ગત વાર્ષિક રૂા. ૨૩ કરોડ ૯૩ લાખથી વધુનો ગ્રોસ નફો કર્યો છે અને સભાસદોને ડિવિડન્ડ આપવાની જાહેરાત કરી છે.

આ પ્રસંગે જામનગર જિલ્લાના પ્રભારી અને રાજ્યના વન-પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા, પૂર્વ કેબિનેટ મંત્રી અને ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલ, ખંભાળીયાના ધારાસભ્ય મુળુભાઈ બેરા તેમજ શિક્ષણ મંત્રી રિવાબા જાડેજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. વક્તાઓએ જણાવ્યું હતું કે, બેડી ગેટ પાસેના ગીચ વિસ્તારમાંથી બેંકને આ મોકળાશવાળા અને આધુનિક ભવનમાં ખસેડવાથી અરજદારો તથા સભાસદોને મોટી રાહત મળશે. આ સિવાય વિદેશ પ્રવાસે હોવાથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પોતાના શુભેચ્છા સંદેશ મોકલ્યો હતો. આ લોકાર્પણ સમારોહમાં કેન્દ્રીય સહકારીતા મંત્રી અમિત શાહે બેંકના ચેરમેન જીતુભાઈ લાલ અને સમગ્ર બોર્ડ ઓફ ડિરેક્ટર્સને અભિનંદન પાઠવ્યા હતા અને જણાવ્યું હતું કે તેઓ જ્યારે પણ જામનગર આવશે ત્યારે આ નવા ભવનની મુલાકાત ચોક્કસ લેશે. સમારોહના અંતમાં બેંકના કાર્યવાહક મુખ્ય વહીવટી અધિકારી અને જનરલ મેનેજર ડો. મૌનિલભાઈ હાથીએ આભાર દર્શન કર્યું હતું.

# સુરક્ષાના કારણોસર દેવભૂમિ દ્વારકાના ૨૧ નિર્જન ટાપુઓ પર પ્રવેશ નિયંત્રિત

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના દરિયાકાંઠાના સંવેદનશીલ વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થાને વધુ સઘન બનાવવા જિલ્લા વહીવટી તંત્રે મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરી જિલ્લાના ૨૧ નિર્જન ટાપુઓ પર સંબંધિત પ્રાંત અધિકારી અને સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટની લેખિત પૂર્વ મંજૂરી વિના કોઈપણ વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. આ જાહેરનામું ૨૧ સપ્ટેમ્બર સુધી અમલમાં રહેશે.

દેવભૂમિ દ્વારકા જિલ્લો પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સરહદે આવેલો હોવાથી સુરક્ષાની દષ્ટિએ અત્યંત મહત્વનો વિસ્તાર માનવામાં આવે છે. જિલ્લામાં કુલ ૨૪ ટાપુ આવેલા છે, જેમાંથી માત્ર બે ટાપુઓ પર જ માનવ વસવાટ છે. બાકીના ટાપુઓ નિર્જન છે. નરારા ટાપુને અગાઉથી અમલમાં રહેલી શરતોને આધીન પૂર્વ મંજૂરીમાંથી મુક્તિ આપવામાં આવી છે, જ્યારે અન્ય ૨૧ ટાપુઓ માટે આ નિયમ ફરજિયાત રહેશે.

વહીવટી તંત્રના જણાવ્યા મુજબ કેટલાક નિર્જન ટાપુઓ પર ધાર્મિક સ્થળો આવેલા હોવાથી વર્ષ દરમિયાન વિવિધ ધાર્મિક પ્રસંગોએ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ત્યાં પહોંચતા હોય છે. આવી અવરજવરનો ગેરલાભ ઉઠાવી અસામાજિક તત્વો, દાણચોરી સાથે સંકળાયેલા લોકો અથવા રાષ્ટ્રવિરોધી પ્રવૃત્તિ ઓમાં સંડોવાયેલા શખ્સો નિર્જન ટાપુઓનો ઉપયોગ આશ્રયસ્થાન તરીકે કરી શકે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. ઉપરાંત હથિયારો, વિસ્ફોટક સામગ્રી અથવા નશાકારક પદાર્થો છુપાવવા માટે પણ આવા વિસ્તારોનો ઉપયોગ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે.

તાજેતરના સમયમાં દેશના મહત્વના સ્થળો, ધાર્મિક કેન્દ્રો અને ભીડભાડવાળા વિસ્તારોને નિશાન બનાવવાના ઇનપુટને ધ્યાનમાં રાખીને સાવચેતીના ભાગરૂપે આ પ્રતિબંધાત્મક આદેશ અમલમાં મૂકવામાં આવ્યો છે. જાહેર સુરક્ષા, કાયદો અને વ્યવસ્થા તેમજ જાહેર શાંતિ જળવાઈ રહે તે હેતુસર વહીવટી તંત્રે આ નિર્ણય લીધો હોવાનું જાહેરનામામાં જણાવાયું છે.

જાહેરનામા મુજબ ધાની (ડની), ગાંધીયોકડો, કાલુભાર, રોઝી, પાનેરો, ગડુ (ગારૂ), સાનબેલી (શિયાળી), ખીમરોઘાટ, આશાબાપીર, ભૈદર, ચાંક, ધબધબો (દબદબો), દીવડી, સામીયાણી, નોરૂ, માન મરૂડી, લેફા મરૂડી, લંધા મરૂડી, કોઠાનું જંગલ, ખારા-મીઠા ચુષ્ણા અને કુડચલી સહિત કુલ ૨૧ ટાપુઓ પર હવે પૂર્વ મંજૂરી વિના પ્રવેશ કરી શકાશે નહીં. નિયમનો ભંગ કરનાર સામે કાયદાકીય કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

## જામ-ખંભાળિયાના ભીંડાગામના યુવાને ઝેરી દવા પી લેતા મૃત્યુ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા તાલુકાના ભીંડા ગામે રહેતા અંકિતગર ગોવિંદગર ગોસાઈ નામના ૨૪ વર્ષના યુવાને કોઈ કારણોસર પોતાના હાથે ઘાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતા તેમને વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તેમનું મૃત્યુ નિપજ્યું હતું. આ બનાવ અંગેની જાણ મૃતકના પિતા ગોવિંદગર નથુગર ગોસાઈ (ઉ.વ.૫૦) એ અહીંની પોલીસને કરી છે.

# જમીન બાબતે કબરકાના યુવાન પર પિતા અને સાવકી માતા દ્વારા હુમલો

**સમય સંદેશઃ દ્વારકા**

ભાણવડ તાબેના કબરકા ગામના વાડી વિસ્તારમાં રહેતા દેવશીભાઈ જગાભાઈ કરંગીયા નામના ૩૬ વર્ષના યુવાન સોમવાર તા. ૨૭ ના રોજ તેમના નાના પુત્ર પ્રિન્સ સાથે ટ્રેક્ટર વડે તેમના ખેતરમાં વાવણી કરી રહ્યા હતા. ત્યારે તેમના પિતા જગાભાઈ, સાવકી માતા અજાયબેન કરંગીયા સહિત ત્રણ શખ્સોએ અહીં આવી અને પિતા-પુત્ર વચ્ચે ચાલી રહેલા જમીનના ભાગ બાબતે ડખ્ખા સંદર્ભે ફરિયાદી દેવશીભાઈના પિતા જગાભાઈ કરંગીયાએ બોલાચાલી કરી હતી.

આ પ્રકરણમાં જગાભાઈ તેમજ સાવકી માતા અજાયબેન જગાભાઈ કરંગીયા તેમજ કાયદાથી સંઘર્ષિત એક કિશોરએ તેમના પર કુહાડા અને લાકડાના ધોકા વડે હુમલો કર્યો હતો. જેથી ગંભીર રીતે ઈજાગ્રસ્ત હાલતમાં તેમને લાલપુરની સરકારી હોસ્પિટલ બાદ વધુ સારવાર અર્થે જામનગરની જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ સમગ્ર પ્રકરણ અંગે ભાણવડ પોલીસે બી.એન.એસ. તથા જી.પી. એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, આગળની તપાસ હાથ ધરી છે.

## બેટ દ્વારકામાં રિક્ષામાં મુસાફર ભરવા બાબતે યુવાન ઉપર છરી વડે હુમલો

દ્વારકા તાલુકાના મૂળવેલ ગામના રહીશ રામદે ભાઈ નારણભાઈ મોરી નામના ૨૭ વર્ષના રબારી યુવાન સાથે બેટ દ્વારકામાં આવેલા એક પાર્કિંગ વિસ્તારમાં રિક્ષામાં મુસાફરો ભરવા બાબતનો ખાર રાખી, મુકેશ સુમણીયા ઉર્ફે રામભાએ તેમની સાથે બોલાચાલી કરી, તેમને બિભત્સ ગાળો ભાંડી હતી. આટલું જ નહીં, આરોપીએ પોતાની પાસે રહેલી છરી વડે ફરિયાદી રામદેભાઈ મોરી ઉપર હુમલો કરી, ઇજાઓ પહોંચાડતા આ સમગ્ર બનાવ અંગે બેટ દ્વારકા પોલીસે આરોપી સામે બીએનએસ અને જીપી એક્ટની કલમ હેઠળ ગુનો નોંધી, જરૂરી કાર્યવાહી કરી હતી.

# રિલાયન્સ ફાઉન્ડેશન - અક્ષયપાત્રથી દરરોજ ૨૩ હજાર વિદ્યાર્થીઓને મળતું પોષ્ટિક ભોજન

## સરકારી તંત્ર સાથેની સયુંક્ત પ્રવૃતિ અંતર્ગત ચાર વર્ષ દરમિયાન જામનગર શહેર,તાલુકા અને લાલપુરની ૧૪૩ શાળાના ૧.૯૧ કરોડ વિદ્યાર્થીઓને અપાયું ભોજન

**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં રિલાયન્સ ફાઉન્ડેશનના આર્થિક સહયોગ સાથે અક્ષયપાત્ર સંસ્થા સંચાલિત સરકારની શ્રી પી.એમ.પોષણ મધ્યાહ્ન ભોજન કાર્યક્રમના સુચારું સંચાલન માટે તૈયાર કરાયેલાં મેગા કિચનની આજે જામનગરના કલેક્ટરશ્રી પરિમલ પંડ્યાએ મુલાકાત લીધી હતી.નોંધનિય છે કે,રિલાયન્સના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીના માર્ગદર્શન તળે ચાર વર્ષથી સ્થાનિક સરકારી તંત્ર સાથે ચાલતી સયુંક્ત સેવાકીય પ્રવૃતિમાં જામનગર શહેર-તાલુકા અને લાલપુરની મળી ૧૪૩ શાળાના ૨૩ હજાર વિદ્યાર્થીઓને દૈનિક પોષણયુક્ત ભોજન પીરસવામાં આવે છે.



તસવીરઃ હિરેન ગાંધી



મુલાકાત દરમિયાન કલેક્ટર પંડ્યાએ મેગા કિચનની કાર્યપદ્ધતિ, સ્વચ્છતા, ગુણવત્તા, ફૂડ સેફ્ટીના ધોરણો અને સુવ્યવસ્થિત સંચાલનની વિગતવાર સમીક્ષા કરી હતી અને સમગ્ર કામગીરીને સરાહનીય ગણાવી,પ્રશંસા કરી હતી. આ મેગા કિચનના નિર્માણ માટે જામનગર મહાનગરપાલિકાએ શહેરના મહાપ્રભુજીની બેઠક પાસે વિશાળ જગ્યા ફાળવી હતી.

રિલાયન્સ દ્વારા રૂ.૧૦ કરોડનો કેપિટલ સહકાર મેગા કિચનના મકાનના નિર્માણથી લઈ જરૂરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર, રસોઈના આધુનિક વાસણો તેમજ ભોજનના વિતરણના વાહનો ઉપલબ્ધ કરાવવા માટે આપવામાં આવ્યો છે. ઉપરાંત, આ યોજના સતત અને અસરકારક રીતે કાર્યરત રહે તે માટે દર વર્ષે રિલાયન્સ દ્વારા રૂ. ૩.૨૫ કરોડની રિકરિંગ સહાય પણ પૂરી પાડવામાં આવી રહી છે. મહત્વપૂર્ણ છે કે, રિલાયન્સ ફાઉન્ડેશને સામાજિક ઉત્તરદાયિત્વના ભાગરૂપે બાળકોના પોષણ, આરોગ્ય અને શિક્ષણને મજબૂત બનાવવાની નેમ વ્યક્ત કરી છે. જે અંતર્ગત વર્ષ-૨૦૨૨થી અત્યારસુધીમાં આ મેગા કિચન મારફતે અંદાજે ૧.૯૧ કરોડથી વધુ વિદ્યાર્થીઓને પોષણયુકત મધ્યાહ્ન ભોજન પહોંચાડવામાં આવ્યું છે.

હાલ આ યોજના થકી જામનગર શહેરની ૫૫ તેમજ જામનગર અને લાલપુર તાલુકાની ૮૮ સરકારી પ્રાથમિક શાળાઓના અંદાજે ૨૩ હજાર વિદ્યાર્થીઓને દરરોજ પોષણયુક્ત, ગુણવત્તાસભર અને સ્વચ્છ મધ્યાહ્ન ભોજન પહોંચાડવામાં આવી રહ્યું છે. આ લોકકલ્યાણકારી પહેલને બાળકોના સર્વાંગી વિકાસ માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાવી કલેક્ટર પરિમલ પંડ્યાએ અક્ષયપાત્ર સંસ્થા, રિલાયન્સ ફાઉન્ડેશન તથા રિલાયન્સના ગ્રુપ પ્રેસિડેન્ટ ધનરાજ નથવાણીને આ સેવાકીય અને સમાજલક્ષી કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા હતા.

# હાઈકોર્ટની સૌરાષ્ટ્ર બેન્ચ માટે જામનગરના વકિલોની હડતાળ

## ૨ રાજકોટને સૌરાષ્ટ્ર - કચ્છ માટેની અલગ હાઈકોર્ટ બેન્ચ મળે તે માટે રાજકોટ વકિલ મંડળની લડતને જાહેર કરાયો ટેકોઃ આંદોલનના દરેક કાર્યક્રમમાં જામનગરના વકિલો જોડાશે





તસવીરઃ હિરેન ગાંધી



**સમય સંદેશઃ જામનગર**

વર્ષોથી રાજકોટમાં સૌરાષ્ટ્ર કચ્છને હાઈકોર્ટ બેંચ મળે તે અંગે સમયાંતરે લડતો કરવામાં આવેલ છે પરંતુ આ બાબતે કોઈ નક્કર પરિણામ આજ દિવસ સુધી મળેલ નથી. આ અંગે રાજકોટ બાર એસોસિયેશન તથા સૌરાષ્ટ્ર કચ્છના અલગ અલગ બારો તારીખ ૨૯ ૭ ૨૦૨૬ ના રોજ અરજન્ટ કામગીરી સિવાયના કાર્યથી અલિપ્ત રહેવા અંગે નક્કી કરવામાં આવ્યું હતું જે મુજબ જામનગર વકિલ મંડળ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. આ પહેલા કોર્ટ કાર્યવાહીથી અલિપ્ત રહેલા વકીલોએ વકિલમંડળના હોલ ખાતે યોજેલી બેઠકમાં રાજકોટને હાઈકોર્ટની બ્રાન્ચ મળે તે માટેની માંગણી કરતો ઠરાવ પસાર કર્યો હતો.

અનુ પાના નં.૨ પર

## વીરપર ગામનો શખ્સ જામગરી બંદૂક સાથે ઝડપાયો

કલ્યાણપુર તાલુકાના વીરપર ગામની સીમ વિસ્તારમાં રહેતા વિજય જેઠાભાઈ પુંજાભાઈ ભોચિયા નામના શખ્સને એસ.ઓ.જી. પોલીસે રૂ. ૧,૫૦૦ ની કિંમતની જામગરી બંદૂકને પાસ-પરવાના વગર રાખતા ઝડપી લઈ, તેની સામે હથિયાર ધારાની કલમ હેઠળ કાર્યવાહી કરી હતી.

## જામજોધપુરમાં ગૌવધ અટકાવવાની માંગ સાથે તંત્રને અપાયુ આવેદન

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર ખાતે પાંજરાપોળ પ્રમુખ સીએમ વાછાણી ટ્રસ્ટી જયસુખભાઈ વડાલીયા ગૌશાળા પ્રમુખ કાંતીભાઈ રામોલીયા ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ જીતુભાઈ વાછાણી કડીવારભાઈ તેમજ રમેશગીરી ગોસ્વામી તેમજ સંસ્થાના આગેવાનોની ઉપસ્થિતિમાં ભારતભરમાં ગૌ વધ અટકાવવાની માંગ સાથે તંત્રવાહકોને આવેદનપત્ર પાઠવાયુ હતું.



# જામનગરની વિવિધ ધાર્મિક સંસ્થાઓમાં ગુરૂપૂર્ણિમાની પરંપરાગત ઉજવણી


તસવીરઃ હિરેન ગાંધી

જામનગરમાં ગુરૂપૂર્ણિમા નિમિત્તે શહેરની ધાર્મિક સંસ્થાઓ ખાતે ગુરૂપૂજન સહિતના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વિશ્વ વિખ્યાત બાલા હનુમાન મંદિરે સંત શ્રી પ્રેમભિક્ષુજી મહારાજને વંદના કરાઈ હતી. ૩૦૦ વર્ષ જૂની આણંદાબાવા સેવા સંસ્થાના મહંત દેવપ્રસાદજી મહારાજનું અનુયાયી દ્વારા, કબીર આશ્રમ ખાતે કબીરપંથીઓ દ્વારા, ખીજડા મંદિર ખાતે મહંત ૧૦૮ શ્રી કૃષ્ણમણીજી મહારાજની વંદના કરવા માટે મોટી સંખ્યામાં ભકતો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત પૃષ્ટિમાર્ગીય મોટી હવેલી ખાતે શ્રી વલ્લભબાવાનું ગુરૂ તરીકે ભકતો દ્વારા પૂજન કરવામાં આવ્યું હતું. આ દરેક ધાર્મિક સંસ્થાઓમાં ગુરૂપૂનમ નિમિત્તે ભકતો માટે પ્રસાદ વિતરણનું ખાસ આયોજન કરવામાં આવ્યું હતું. આ પાવન પર્વ નિમિત્તે જામનગર સહિત દ્વારકાના દેવલાયોમાં પણ માનવ મહેરામણ ઉભરાયું હતું.

# BAMS નું પેપર ફૂટયાના સાતમાં દિવસે તપાસ સમિતિની રચના

## ગુજરાત આયુર્વેદિક ઓથોરીટી દોડીઃ પારદર્શક વ્યવસ્થાના દાવા વચ્ચે પેપરલીક થવાના કારણો ઉંડા ?

**સમય સંદેશઃ જામનગર**

દેશભરમાં પેપર લીકના મુદ્દે ભારે ચર્ચા ચાલી રહી છે ત્યારે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર સંચાલિત ઇઅખજ (બેચલર ઓફ આયુર્વેદ મેડિસિન એન્ડ સર્જરી)ના અંતિમ વર્ષની પરીક્ષામાં 'શલ્ય તંત્ર-૧'નું પેપર લીક થયું હોવાની આશંકા સામે આવી છે. ગત ૨૦મી જુલાઈએ નવરાત્રી અને પરીક્ષાના માહોલ વચ્ચે સોશિયલ મીડિયા ગ્રૂપમાં વાયરલ થયેલા ૧૨ પ્રશ્નોમાંથી ૧૧ પ્રશ્નો આ પરીક્ષાના પેપરમાં યથાવત મળી આવ્યા હતા. જૂનાગઢના એક પ્રોફેસરે આ અંગે તુરંત સત્તાધીશોનું ધ્યાન દોર્યું હોવા છતાં, યુનિવર્સિટી તંત્ર દ્વારા સાત દિવસ સુધી ઢાંકપિછોડો કર્યા બાદ આખરે ૨૭મી જુલાઈએ ત્રણ ઉચ્ચ અધિકારીઓની તપાસ સમિતિની રચના કરવામાં આવી છે.

આ ઘટના સામે આવતા જ વિદ્યાર્થી સંગઠન ગજીઈ અને સ્થાનિક કોંગ્રેસ નેતાગીરી હરકતમાં આવી છે. જામનગર ગજીઈના પ્રમુખ રવિરાજસિંહ ગોહિલ અને કોંગ્રેસ પ્રમુખ મહિપાલસિંહ જાડેજાએ યુનિવર્સિટીના રજિસ્ટ્રાર એચ.પી. ઝાલાને રૂબરૂ મળીને તાત્કાલિક પારદર્શક તપાસ હાથ ધરી જવાબદારો સામે કડક પગલાં લેવાની માંગ કરી છે. તેમજ જો યોગ્ય કાર્યવાહી કરવામાં નહીં આવે તો યુવાનોના ભવિષ્ય માટે ઉગ્ર આંદોલન કરવાની ચીમકી પણ આપી છે. ગાંધીનગરના માણસા સ્થિત બાલા હનુમાન આયુર્વેદિક મહાવિદ્યાલય ખાતેથી મળેલી માહિતીના આધારે આ સમગ્ર મામલો સામે આવ્યો હોવાનું જાણવા મળ્યું છે.

બીજી તરફ, આયુર્વેદ યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર નરેશકુમાર જૈન અને રજિસ્ટ્રાર એચ.પી. ઝાલાએ ખુલાસો આપતા જણાવ્યું હતું કે, મામલાની ગંભીરતા જોઈને પોલીસને જાણ કરવામાં આવી છે. હાલ ૨૦૦૦ જેટલા વિદ્યાર્થીઓની પરીક્ષા ૨જી ઓગસ્ટ સુધી ચાલવાની હોવાથી તેમને કોઈ ખલેલ પહોંચાડ્યા વિના તપાસ સમિતિ અહેવાલ સોંપશે, ત્યારબાદ જરૂર જણાશે તો પુનઃ પરીક્ષા લેવા અંગે નિર્ણય કરાશે. તેમણે ઉમેર્યું કે યુનિવર્સિટીની પરીક્ષા પદ્ધતિ ડિજિટલ પાસવર્ડ અને સીલબંધ પ્રક્રિયા સાથે ૧૦૦ ટકા લીક-પ્રૂફ છે, છતાં સમગ્ર ઘટનાની ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરાશે.

# જામનગર આયુર્વેદ યુનિવર્સિટીના પેપરલીક મામલે એનએસયુઆઇ દ્વારા કલેકટરને અપાયું આવેદન

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની બીએએમએસ તૃતીય પ્રોફેશનલની 'શલ્ય તંત્ર-૧' વિષયની પરીક્ષાનું પેપર લીક થયાના આક્ષેપોને લઈને ગુજરાત પ્રદેશ એનએસયુઆઈ દ્વારા રાજ્યવ્યાપી વિરોધ કાર્યક્રમ યોજાયો હતો. જામનગરમાં એનએસયુઆઈના આગેવાનો દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવી સમગ્ર પ્રકરણની ન્યાયિક અને નિષ્પક્ષ તપાસ કરી જવાબદારો સામે કડક કાર્યવાહી


તસવીરઃ હિરેન ગાંધી

કરવાની માંગ કરવામાં આવી હતી.

એનએસયુઆઈના જણાવ્યા મુજબ, રાજ્યમાં શિક્ષણ માફિયાઓ અને ભ્રષ્ટ વહીવટી તંત્રના કારણે વિદ્યાર્થીઓ અને ભાવિ તબીબોના ભવિષ્ય સાથે સતત ચેડાં થઈ રહ્યા છે. નીટ પરીક્ષાના કૌભાંડ બાદ હવે ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની બીએએમએસ તૃતીય પ્રોફેશનલની પરીક્ષામાં ખુલ્લેઆમ પેપર લીક થયાની ઘટના સામે આવી છે. પરીક્ષા શરૂ થાય તે પહેલાં વોટ્સએપ પર 'મહત્વના મુદ્દાઓ'ના નામે ફરતા થયેલા સંદેશાઓમાંથી ૧૨ પૈકી ૧૧ મુદ્દાઓ પ્રશ્નપત્રમાં પૂછાયા હોવાનું સામે આવતા શિક્ષણ જગતમાં ભારે ચકચાર મચી ગઈ છે. સંગઠને આક્ષેપ કર્યો છે કે પેપર તૈયાર કરનાર પ્રોફેસર પણ શંકાના દાયરામાં છે અને સ્કવોડના

અનુ પાના નં.૨ પર

# કાલાવડ અને લાલપુર પંથકમાં પવનચક્કીમાંથી થયેલ ચોરીનો ભેદ ઉકેલાયોઃ ચાર શખ્સો પકડાયા



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લાના કાલાવડ તથા લાલપુર પંથકમાં પવનચક્કીના ટાવરમાંથી કેબલચોરીના બે બનાવો સામે આવ્યા હતાં. આ મામલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ જામનગર એલસીબી પીઆઇ વી.બી.ચૌધરી નાઓના માર્ગદર્શન મુજબ અલગ અલગ ટીમો બનાવી કેબલ વાયર ચોરી ના ગુનાઓ શોધી કાઢવા ટેકનીકલ સોર્સનો ઉપયોગ કરી જરૂરી વર્ક આઉટ કરવામા આવેલ.

દરમ્યાન એલ.સી.બી. ટીમના રૂષીરાજસિંહ વાળા, હિતેન્દ્રસિંહ જાડેજા તથા યુવરાજસિંહ ઝાલાને બાતમી મળી હતી કે આ કોપર કેબલ ચોરીમાં સંડોવાયેલ આરોપીઓ જામનગર તાલુકાના દરેડ જીઆઇડીસીમા આવેલ અર્જુન મેટલ નામના કારખાના પાસે હાજર છે. આ ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે દરેડ જીઆઇડીસી નજીક દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન પોલીસે આ ચોરીમાં સંડોવાયેલ હાજીભાઈ આદમભાઇ ખફી (રહે.મસીતીયા ગામ તા.જી. જામનગર મુળ રહે.પીર લાખાસર તા.ખંભાળીયા), અસગરભાઇ યુસુબભાઇ ખફી (રહે.મસીતીયા ગામ તા.જી. જામનગર), ગુલામહુશેન ઉર્ફે ભભો ગફારભાઇ ખફી (રહે. મસીતીયા ગામ તા.જી. જામનગર) નામના ત્રણ આરોપી તથા ચોરીનો મુદામાલ લેનાર બળવંતભાઇ દિલીપભાઇ ગોહીલ (રહે. મોરકંડામ, તા.જી.જામનગર) સહિત ચાર આરોપીઓને પકડી લીધા હતાં. જ્યારે કાનાભાઇ (રહે.ખીમલીયા ગામ, તા.જી જામનગર) નામના આરોપીની શોધખોળ હાથ ધરી છે.

દરોડા દરમિયાન પોલીસે પકડાયેલા ચારેય આરોપીઓ પાસેથી રૂા.૭૧૪૦૦ ની કિંમતના ૧૨૦ મીટર કોપર વાયરના ટુકડાઓ, રૂા.૨૫,૦૦૦ ની કિંમતનું એક મોટરસાઇકલ, રૂા.૧૦,૦૦૦ ની કિંમતનો એક મોબાઇલ ફોન, રૂા.૧૦૦ ની કિંમતનું કટરમશીન અને રૂા.૧૦ ની કિંમતની કેબલ વાયર કાપવા માટેની તણી સહિત કુલ રૂા.૧,૦૬,૫૧૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. વધુમાં આ ટોળકી દ્વારા કાલાવડ ગ્રામ્ય, લાલપુર, એકાદ મહિના પહેલા રાજકોટ જીલ્લાના ઉપલેટા, અને ભાયાવદર વિસ્તારમાં આચરવામાં આવેલ

અનુ પાના નં.૨ પર

# નવરાત્રીના આયોજનમાં ચિટીંગના રાસ મામલે નોંધાઇ પોલીસ ફરિયાદ

**સમય સંદેશઃ જામનગર**

પોરબંદરમાં 'શ્રી બાલવી મંડપ સર્વિસ' ચલાવતા ડાયાભાઈ સાજણભાઈ મારૂ (ઉં.વ.૫૬) સાથે જામનગરના સંજય ચેતરિયા નામના શખ્સે રૂ. ૬ લાખની છેતરપિંડી કરી હોવાની ફરિયાદ પંચકોશી બી-ડિવિઝન પોલીસ મથકે નોંધાઈ છે. વર્ષ ૨૦૨૩માં 'આધ્યશકિત' ગરબીના આયોજન માટે આઠ દિવસના ભાડે મંડપનો સામાન લઈ ગયા બાદ ભાડાના પૈસા ન ચૂકવી સંજયે રૂ. ૫.૫૦ લાખનો ચેક આપ્યો હતો, જે બેંકમાંથી બાઉન્સ થયો હતો. વેપારીએ વકીલ મારફત નોટિસ મોકલતા આરોપીએ ઉશ્કેરાઈને પ્રેસ અને 'સનાતન સત્ય' નામની ટીવી ચેનલમાં ખોટા વિડીયો બનાવી બદનામ કરવાની તથા ધંધાને આર્થિક નુકસાન પહોંચાડવાની ધમકી આપી હતી.

ત્યારબાદ વર્ષ ૨૦૨૫ની નવરાત્રી દરમિયાન ફરિયાદી ડાયાભાઈએ જામનગરના આર.ટી.વી. (રજવાડું પાર્ટી પ્લોટ) ખાતે રાસલીલા ગરબીમાં સામાન ભાડે આપ્યો હતો. નવરાત્રીના ચોથા નોરતે આરોપી સંજય ચેતરિયાએ પાર્ટી પ્લોટના ગેટ બહાર વેપારીને આંતરી અગાઉ આપેલો ચેક બેંકમાં કેમ બાઉન્સ કરાવ્યો તેમ કહી ઝઘડો કર્યો હતો. આરોપીએ ગરબીમાં મંડપ સર્વિસ ચાલુ રાખવી હોય તો પૈસા આપવા પડશે તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી ગાળો ભાંડી હતી.

આટલું જ નહીં, આરોપીએ વેપારી પાસેથી રૂ. ૨૫,૦૦૦ ની રકમ બળજબરીથી કઢાવી લીધી હતી. આખરે ભયભીત થયેલા વેપારી ડાયાભાઈ મારૂએ હિંમત ભેગી કરી જામનગરના પંચકોશી બી-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં સંજય ચેતરિયા વિરૂદ્ધ વિધિવત રીતે ફરિયાદ નોંધાવી છે. પોલીસે છેતરપિંડી, બળજબરીથી પૈસા પડાવવા અને જાનથી મારી નાખવાની ધમકી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી આરોપી સામે આગળની કાનૂની તપાસ હાથ ધરી છે.

# જામનગર શહેરના નાઘેડી નજીક કારખાનામાંથી ૧.૯૦ લાખની ચોરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના મેહુલનગર વિસ્તારમાં આવેલા શ્રીજી પરીસર એપાર્ટમેન્ટમાં રહેતા અને મૂળ કેશોદના વતની જય રાજેશભાઈ વડારીયા (ઉ.વ.૨૮) નામના વેપારીનું નાઘેડી-લાખાબાવળ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટમાં 'એમ્પેક્ષ ટેક્નોલોજીસ પ્રાઈવેટ લીમીટેડ' નામનું કારખાનું આવેલું છે.ગત તા. ૨૭મી જુલાઈની રાત્રિના સમયગાળા દરમિયાન અજાણ્યા તસ્કરોએ આ કારખાનાને નિશાન બનાવ્યું હતું. તસ્કરોએ કારખાનાનીઓફિસની બારીના સળિયા કોઈ તીક્ષ્ણ હથિયાર કે સાધન વડે વેલ્ડિંગ તોડીને અંદર પ્રવેશ મેળવ્યો હતો.

ઓફિસની અંદર પ્રવેશ્યા બાદ તસ્કરોએ ઓફિસના ટેબલના ખાના તપાસ્યા હતા, જેમાં પડેલી રોકડ રકમ રૂ. ૧.૯૦ની ચોરી કરી તસ્કરો ફરાર થઈ ગયા હતા. બીજા દિવસે સવારે જ્યારે આ અંગે જાણ થઈ ત્યારે કારખાનાના માલિક ચોંકી ઉઠ્યા હતા.

આ બનાવ અંગે જય રાજેશભાઈ વડારીયાએ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પીઆઈ એચ.વી.રાઠોડ સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચી ગયો હતો. ચોરીનો ગુનો નોંધી, સીસીટીવી ફૂટેજ અને આસપાસના પુરાવાઓના આધારે તપાસના ચક્રો ગતિમાન કર્યા છે. આ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવા માટે પોલીસે જુદી જુદી દિશામાં તપાસ હાથ ધરીને શંકાસ્પદ લોકોને ઉઠાવી લીધા છે. તેની આકરી ઢબે પૂછપરછ પણ કરવામાં આવી રહી છે.

# ટ્રાફિક નિયમના ભંગ બદલ ૨૩૭૬૧ વાહન ચાલકોને પોલીસ તંત્ર દ્વારા ઈ-ચલણ અપાયા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં ટ્રાફિક નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા માટે પોલીસ તંત્ર દ્વારા હવે આધુનિક ટેક્નોલોજીનો સહારો લેવામાં આવી રહ્યો છે. શહેરના મુખ્ય માર્ગો અને ટ્રાફિક પોઈન્ટ્સ પર લગાડવામાં આવેલા સીસીટીવી કેમેરાઓ હવે ટ્રાફિક નિયમોનો ભંગ કરનાર વાહન ચાલકો પર સતત બાજ નજર રાખી રહ્યા છે.

ટ્રાફિક સિગ્નલ જમ્પિંગ, ઓવરસ્પીડિંગ, ચાલુ વાહને ફોન પર વાત કરવી, ત્રિપલ સવારી કે રોંગ સાઈડ ડ્રાઈવિંગ જેવી ભૂલો કરનાર ૨૩૭૬૧ વાહન ચાલકોને હવે ઘરે બેઠા જ ઈ-ચલણ અપાયા છે અને ૩૫૦૦ વાહન ચાલકોને ૧૭૫૦ નોટીસ આપવામાં આવી છે.

વર્ષ ૨૦૨૬ના છેલ્લા સાત મહિનાના આંકડાઓ પર નજર કરીએ તો, ટ્રાફિક નિયમોના ભંગ આવ્યા છે. આ આંકડો શહેરના ચાલકોને ઈ-ચલણ આપવામાં ટ્રાફિક મેનેજમેન્ટની ગંભીરતા ૬૩,૩૪,૯૫૦નો દંડ ભરપાઈ કરી દીધો છે. જોકે હજુ પણ મોટો વર્ગ એવો છે કે જે દંડ ભરવામાં આળસ દાખવી છે. ૧૫,૭૦૮ વાહન ચાલકોએ હજુ સુધી રૂ. દર્શાવે છે. અત્યાર સુધીની વસૂલાતની વાત કરીએ તો, કુલ ૮,૦૫૩ વાહન ચાલકોએ જવાબદારી સમજીને રૂ. ૧,૫૦,૫૭,૫૦૦નો દંડ ભર્યો નથી. પોલીસ તંત્ર હવે આ બાકી રહેલા દંડની વસૂલાત માટે અત્યંત આકરા પગલાં ભરી રહ્યું છે. જે વાહન ચાલકો દંડ ભરવામાં નિષ્કાળજી દાખવી રહ્યા છે, તેમને કાયદાનું ભાન કરાવવા માટે નોટિસ પાઠવવાની શરૂઆત કરવામાં આવી છે. હાલ આ તમામ કેમેરાનું મોનીટરીંગ એસપી કચેરી પાસે કમાન્ડ એન્ડ કંટ્રોલ રૂમ ખાતેથી ડીવાયએસપીની કરવામાં આવી રહ્યું છે. નિગરાનીમાં પીએસઆઈ ભરત સીંગલ તેમજ ટીમ દ્વારા કરવામાં આવી રહી છે. વહીવટી તંત્રની કામગીરીના ભાગરૂપે, અત્યાર સુધીમાં ૧,૭૫૦ વાહન ચાલકોને ખાસ નોટિસો આપવામાં આવી છે. આ ઉપરાંત ગત મહિનાઓમાં અદાલતી કાર્યવાહીને વેગ આપવા માટે લોક અદાલતનો પણ સહારો લેવામાં આવ્યો છે, જેમાં છેલ્લા બે લોક અદાલતના સત્ર દરમિયાન ૩,૫૦૦ જેટલા વાહન ચાલકોને નોટિસ આપીને દંડ ભરવા માટે તાકીદ કરવામાં આવી છે. પોલીસના આ કડક વલણથી ટ્રાફિક નિયમોનો ભંગ કરનારાઓમાં ફફડાટ ફેલાયો છે. જામનગર પોલીસનું માનવું છે કે દંડની રકમ કરતાં ટ્રાફિકના નિયમોનું પાલન અને નાગરિકોની સુરક્ષા વધુ મહત્વની છે.

# કાલાવડના જશાપર ગામેથી ખેડૂતોની વિશાળ ટ્રેકટર- બાઈક રેલીઃ શકિત પ્રદર્શન

## યોગ્ય વળતર અને જમીન ભાડાની માંગ સાથે કિસાનોની ગર્જનાઃ મામલતદારને આવેદન પત્ર : વીજ ટાવર માટે ખેડૂત વિરોધી નીતિ બંધ કરવાના સૂત્રોચ્ચાર

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ તાલુકાના જશાપર ગામે ખેતરોમાં વીજ કંપની દ્વારા વીજ પોલ અને હાઈટેન્શન ટાવરો ઊભા કરવાના વિરોધમાં છેલ્લા સાત દિવસથી ચાલી રહેલી સત્યાગ્રહ છાવણીના સમાપને ખેડૂતોનો ભારે આક્રોશ જોવા મળ્યો હતો. બહોળી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનોએ ટ્રેક્ટર, બાઈક અને અન્ય વાહનો સાથે વિશાળ રેલી યોજી કાલાવડ મામલતદાર કચેરી સુધી પહોંચ્યા હતા. ''યોગ્ય વળતર આપો'' અને ''સંમતિ વિના ટાવરો નહીં ઊભા કરવા દઈએ'' જેવા ગગનભેદી સૂત્રોચ્ચાર સાથે ખેડૂતોએ મામલતદારને આવેદનપત્ર પાઠવી પોતાની પડતર માંગણીઓ સરકાર સમક્ષ રજૂ કરી હતી.

આવેદનપત્રમાં ખેડૂતોએ રજૂઆત કરી હતી કે જમીનમાં વીજ પોલ અને ટાવરો ઊભા થવાથી ખેતી મર્યાદિત બનશે અને પાક ઉત્પાદનને ભારે આર્થિક નુકસાન થશે. ખેડૂતોએ





માંગ કરી છે કે કોઈપણ કામગીરી શરૂ કરતા પહેલા જમીનની ચોક્કસ માપણી કરી અસરગ્રસ્તોની યાદી તૈયાર કરવામાં આવે, સંપૂર્ણ વળતર ચૂકવાય અને જમીનના સતત ઉપયોગ બદલ યોગ્ય ભાડું નક્કી કરવામાં આવે. ખેડૂતોએ સ્પષ્ટ કર્યું હતું કે તેમની લેખિત સંમતિ વિના જમીનમાં કરવામાં આવતી કોઈપણ કામગીરી ચલાવી લેવામાં આવશે નહીં.

ખેડૂત આગેવાનોએ ચેતવણી આપતા જણાવ્યું હતું કે છેલ્લા સાત દિવસથી શાંતિપૂર્ણ રીતે આંદોલન ચલાવવામાં આવી રહ્યું હતું, પરંતુ જો સરકાર દ્વારા તેમની વ્યાજબી માંગણીઓની અવગણના કરવામાં આવશે તો આગામી દિવસોમાં આંદોલન વધુ ઉગ્ર બનાવાશે. જો તાત્કાલિક અને કાયમી ઉકેલ નહીં આવે તો તાલુકા તેમજ જિલ્લા કક્ષાએ પણ મોટા પાયે કાર્યક્રમો યોજી સંઘર્ષ ચાલુ રાખવાની ચીમકી ઉચ્ચારવામાં આવી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com